ગુજરાત સમાચાર
Saturday, 21-11-2026



કોયલબેન અને મહુડાભાઈ

મેહુલ સુતરિયા

બોલતું ઝગમગ

આ QR-કોડ સ્કેન કરો

નદીની કોતરો વચ્ચે મહુડાનું એક વિશાળ અને ઘટાદાર વૃક્ષ ઊભું હતું. એ મહુડાના ઝાડ પર એક મીઠો ટહૂકો કરતી કોયલબેન રહેતી હતી. કોયલબેન રોજ સવારે ઊઠીને મહુડાની લીલીછમ ડાળી પર બેસીને 'કૂહૂ... કૂહૂ... કૂહૂ...' મધુર ગીતો ગાતી.

મહુડાના વૃક્ષના મૂળ પાસેથી નદીનું નિર્મળ અને કલકલ વહેતું જળ પસાર થતું હતું. કોયલબેનને તો મહુડાના સથવારે રહેવાની ખૂબ મજા પડતી. ડાળ પર બેસીને ક્યારેક કંટાળો આવે એટલે તે નદીકિનારે લટાર મારી આવતી.

કોયલબેન અને મહુડાભાઈ વચ્ચે અતૂટ મિત્રતા બંધાઈ ગઈ હતી. કોયલબેન જો થોડીવાર માટે પણ આમતેમ ઊડી જાય, તો મહુડાભાઈને જરાય ચેન પડતું નહીં!

એક બપોરે મહુડાભાઈએ ઉદાસ અવાજે કહ્યું, 'કોયલબેન, આપણે તો પાકા મિત્રો છીએ. તમે મને આમ એકલો મૂકીને ઊડી જાઓ છો, તે મને બિલકુલ નથી ગમતું.'

કોયલબેને સ્નેહભર્યું સ્મિત રેલાવીને કહ્યું, 'મહુડાભાઈ, મારે મારા દાણા-પાણીની શોધમાં તો બહાર નીકળવું પડે ને!'

'તો પછી મને પણ તમારી સાથે કેમ નથી લઈ જતાં?' મહુડાભાઈએ બાળસહજ ભાવે પૂછ્યું.

કોયલબેને આશ્ચર્યથી કહ્યું, 'અરે મહુડાભાઈ! તમને તો જમીનમાંથી ખોરાક અને નદીમાંથી મીઠું પાણી બધું અહીં બેઠાં જ મળી રહે છે. તમારે બહાર ભટકવાની શી જરૂર?'

મહુડાભાઈએ ઊંડો નિસાસો નાખ્યો, 'પણ મને આમ જિંદગીભર એક જ ઠેકાણે જડ થઈને ઊભા રહેવું નથી ગમતું. મારે પણ ફરવું છે!'

કોયલબેને ગંભીર બનીને સમજાવ્યું, 'મહુડાભાઈ, તમે તો પરોપકારી સંત જેવા છો! મારા જેવાં કેટલાંય પંખીઓનાં ઘર અને માળા તમારી મજબૂત ડાળીઓ પર બંધાયેલાં છે. જો તમે આમ આઘાપાછા થવા લાગો, તો અમારાં નાનાં નાનાં ઈંડાં અને માળા નીચે પટકાઈને તૂટી જાય!'

મહુડાભાઈ વિચારમાં પડી ગયા.

કોયલબેને આગળ કહ્યું, 'મહુડાભાઈ, તમે કેટલાંય વર્ષોથી અહીં અડીખમ ઊભા છો. આ ધખધખતા તાપમાં દૂરથી આવતા કેટલાય વટેમાર્ગુઓ તમારા શીતળ છાંયડા નીચે બેસીને થાક ઉતારે છે. જો તમે જ અહીંથી ચાલ્યા જશો, તો એ મુસાફરો આરામ ક્યાં કરશે?'

'મહુડાભાઈ, તમે તો પરોપકારી સંત જેવા છો! મારા જેવાં કેટલાંય પંખીઓનાં ઘર અને માળા તમારી મજબૂત ડાળીઓ પર બંધાયેલા છે. જો તમે આમ આઘાપાછા થવા લાગો, તો અમારાં નાનાં નાનાં ઈંડાં અને માળા નીચે પટકાઈને તૂટી જાય!'


મહુડાભાઈને પોતાની ભૂલ તુરંત સમજાઈ ગઈ.

તેઓ ગદગદ થઈને બોલ્યા, 'હા કોયલબેન, તમારી વાત સાવ સાચી છે. હું તો ભૂલી જ ગયો હતો કે હું અનેક જીવોનો આશરો છું! મારા છાંયડા વિના મુસાફરો દુખી થશે અને પંખીઓ બેઘર થઈ જશે. હું અહીંથી જરાય નહીં ખસું. મારે હવે ક્યાંય નથી જવું!'

ઝાડ પર બેઠેલાં બીજાં પક્ષીઓ પણ આ વાત સાંભળી રહ્યાં હતાં. તે આ હર્ષભેર કલરવ કરતાં ગાવા લાગ્યાં-

'મહુડાભાઈની ડાળે બેસી,
અમે કરીએ મોજ-મસ્તી...
કોયલબેન કૂહૂ... કૂહૂ... ગાય,
મહુડાભાઈ તો બહુ હરખાય!'

બધાં પંખીઓનું આ પ્રેમભર્યું ગીત સાંભળીને મહુડાભાઈનું હૈયું છલકાઈ ગયું અને તેઓ આનંદથી ઝૂમવા લાગ્યા. ■



એ દિવસો પણ શું દિવસો હતા...



જ્યારે સવારે જલ્દી ઉઠી આપણે સ્કૂલે જતા,
મોડા પડીએ તો ગ્રાઉન્ડના ચક્કર લગાવતા,
અડધી આંખ ખુલ્લી રાખીને પ્રાર્થના કરતા,
અને ભગવાન પાસે શિક્ષક રજા પર હોય
એવી માંગ કરતા,
એ દિવસો પણ શું દિવસો હતા...

ચાલતા ક્લાસમાં નાસ્તો કરતા,
પાણીના બહાને આખી સ્કૂલમાં ફરતા,
સ્કૂલમાં પણ ટ્યુશનનું હોમવર્ક કરતા,
પ્રેક્ટિકલ પૂરજોશમાં કરતા,
એ દિવસો પણ શું દિવસો હતા...

સ્કૂલમાં ફંક્શન તો ઘણા થતા,
પણ આપણે બસ ઓડિયન્સ બનીને જોયા કરતા,
ક્યારેક શિક્ષકનો પ્રેમ તો ક્યારેક માર ભોગવતા,
એ દિવસો પણ શું દિવસો હતા...

- મિનલકુંવરબા ગજેન્દ્રસિંહ બારડ

મોરનું પીંછું



મા, મને લઈ દે ને મોરનું પીંછું...
તારી તે ઓઢણીને માથે વિંટાળીને
ખોસું હું મોરપીંછું તીરછું!
મા, મને લઈ દે ને મોરનું પીછું!

મા, મને લઈ દે ને મેળેથી પાવો
હળવે લગાવું ફૂંક એવી મસ્તીથી
લેજે તું સૂર તણો લહાવો!
મા, મને લઈ દે ને મેળેથી પાવો!

મા, મને લઈ દે ને હાર મોગરાનો
પેરું પીતાંબર થેઈ થેઈ નાચું
બનું કનૈયો હું નાનો!
મા, મને લઈ દેને હાર મોગરાનો!


- રેખા ભટ્ટ

ચિત્રમાં સુંદર રંગ પૂરો





ટપકાં જોડીને ચિત્ર પૂરું કરો



કહેવતોની કરામત

મિત્રો, અહીં કેટલીક કહેવતો આપી છે. બધી કહેવતો અધૂરી લખી છે તો નીચેના BOXમાંથી ગોતીને લખો.




૧ શેરી જોઈને ચાલીએ .....
૨ દોરડી બળે પણ .....
૩ વિનાશ કાળે .....
૪ તરત દાન ને .....
૫ સળગતી સગડી .....
૬ વાઘ અને બકરી .....
૭ અડધું ત્યજે તે પંડિત .....
૮ ખાખરાની ખિસકોલી .....
૯ બધા પાલખીએ બેશે .....
૧૦ સઈનો દીકરો .....

૧. ત્યારે ઊંચકે કોણ ?, ૨. માથે લઈ ફરિયાદ કરવા જવું, ૩ જીવે ત્યાં સુધી સીવે, ૪. એક સાથે પાણી પીસે, ૫. સાકરનો સ્વાદ શું જાણે ?, ૬. સઘળું ત્યજે ગમાર, ૭. કંથડો જોઈને મહાલીએ, ૮. મહાપુણ્ય, ૯. વળ ન છોડે, ૧૦. વિપરીત બુદ્ધિ.

કહેવતોની કરામત :

૧ શેરી જોઈને ચાલીએ કંથડો જોઈને મહાલીએ.
૨ દોરડી બળે પણ વળ ન છોડે
૩ વિનાશ કાળે વિપરીત બુદ્ધિ
૪ તરત દાન ને મહાપુણ્ય
૫ સળગતી સગડી માથે લઈ ફરિયાદ કરવા જવું
૬ વાઘ અને બકરી એક સાથે પાણી પીસે.
૭ અડધું ત્યજે તે પંડિત, સઘળું ત્યજે ગમાર.
૮ ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે ?
૯ બધા પાલખીએ બેશે ત્યારે ઊંચકે કોણ ?
૧૦ સઈનો દીકરો જીવે ત્યાં સુધી સીવે.


Kids Rebus Puzzles 2



FIND DIFFERENCE



Can u Solve it !



મિસ જંગલ સુંદરી સૌંદર્ય-સ્પર્ધાની વિજેતા કોણ?

જિજ્ઞેશ વરસાણી

ઉત્તરાખંડમાં એક વિશાળ અને નયનરમ્ય રાષ્ટ્રીય ઉદ્યાન આવેલું છે- જિમ કોર્બેટ નેશનલ પાર્ક. અહીં અગણિત પ્રાણીઓ અને પક્ષીઓ વસે છે. ખાસ કરીને ભવ્ય રોયલ બેંગાલ ટાઈગર્સની સંખ્યા અહીં ઘણી મોટી છે. આ ઉપરાંત ગજરાજ, દીપડા, સાબર, ચિત્તલ, કાકડ (બાર્કિંગ ડિયર), જંગલી સૂવર, સ્લોથ રીંછ તેમજ રામગંગા નદીના જળમાં મગર અને ઘડિયાળ પણ વસે છે. રંગબેરંગી પક્ષીઓની પાંચસોથી વધુ પ્રજાતિઓના મધુર કલરવથી આ વન સદાય ગુંજતું રહે છે.

જિમ કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાનની મધ્યમાંથી રામગંગા નદી વહે છે. આ નદીના કિનારે 'ધિકાલા ઝોન' નામનો એક રમણીય વિસ્તાર આવેલો છે. અહીં 'પારવાળી' નામની એક પ્રભાવશાળી વાઘણ રહેતી હતી. નદી પાર કરીને આંટાફેરા મારવાની ટેવને લીધે સૌ તેને આદર અને વહાલથી 'પારો' કહીને બોલાવતા.

પારો વાઘણ વિશ્વવિખ્યાત અને અત્યંત રૂઆબદાર હતી. જંગલનાં ભલભલાં વન્યજીવો તેના પ્રભાવ સામે નતમસ્તક થતાં. ધિકાલાના આ પટ્ટામાં પારોનું જ રાજ ચાલતું.


એક સાંજે પારો વાઘણ નદીકિનારે એક ઘટાટોપ વૃક્ષની શીતળ છાયામાં બેઠી હતી અને અન્ય વનવાસીઓ તેને વીંટળાઈને બેઠા હતા. વાંદરાઓ અને પંખીઓ અવારનવાર નજીકનાં શહેરોમાં આંટો મારી આવતાં અને વનમાં આવીને માણસોની દુનિયાના અવનવા સમાચારો સંભળાવતાં.

'કોઈ એક વ્યક્તિ કે જીવને 'સર્વોત્તમ' કહીને બાકીના તમામને પાછળ ધકેલી દેવા એ કુદરતની વિવિધતા પ્રત્યે ઘોર અન્યાય છે.'

એવામાં ચમકતા પીળા રંગનું સુંદર પક્ષી સમડી-પીળક (ગોલ્ડન ઓરિઓલ) શહેરમાંથી ઊડીને આવ્યું. તેણે ઉત્સાહથી કહ્યું, 'મહારાણી, આજે તો શહેરમાં અદ્ભુત ઝાકઝમાળ જોઈ! ત્યાં 'મિસ ઈન્ડિયાદ નામની ભવ્ય સૌંદર્ય-સ્પર્ધા યોજાઈ હતી. સમગ્ર ભારતમાંથી અતિ સુંદર યુવતીઓ તેમાં ભાગ લેવા આવી હતી. કેવો અદ્ભુત માહોલ અને કેવી ભવ્યતા! જોઈને જ આંખો ઠરી જાય!'

આ સાંભળી પારોની દીકરી 'ઘેટીયાવલી' તરત બોલી ઊઠી, 'મમ્મી, આપણે પણ આપણા આ રળિયામણા જંગલમાં 'મિસ જંગલ સુંદરી' સૌંદર્ય-સ્પર્ધાનું આયોજન કરીએ તો કેવું સરસ! આપણે ભારતભરનાં જંગલોમાંથી સુંદર વન્યજીવોને અહીં સ્પર્ધા માટે આમંત્રણ આપીએ.'

પારોની બીજી દીકરી 'પેડવાલી' વાઘણ- જેને તૂટેલા ઝાડના થડ (પેડ) પર નિરાંતે લંબાવવાની આદતને કારણે આવું લાડકું નામ મળ્યું હતું-તેણે પણ ટેકો આપ્યો- 'મોમ, આ વિચાર તો બહુ જ અદ્ભુત છે! આપણને દેશભરનાં અવનવાં પ્રાણીઓને મળવાની તક મળશે અને વનજગતમાં સૌથી સુંદર કોણ છે તે પણ જાણવા મળશે. વાહ, સુપર્બ આઈડિયા!'



થોડીવાર ગહન વિચારમાં પડી ગઈ. શરૂઆતમાં તેણે નકારમાં માથું ધુણાવ્યું, પરંતુ સૌના આગ્રહ અને ઉત્સાહ આગળ આખરે તેણે સંમતિ આપી. સમગ્ર સૌંદર્ય-સ્પર્ધાની વ્યવસ્થા સંભાળવાનું સંચાલન તેણે શંભુ સ્લોથ રીંછને સોંપ્યું.

જોતજોતામાં સૌંદર્ય-સ્પર્ધાનો દિવસ આવી પહોંચ્યો.

જિમ કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાનને પ્રકૃતિના અસલી વૈભવથી શણગારવામાં આવ્યો હતો. રામગંગા નદીના રેતાળ પટ પર મુખ્ય મંચ અને સભામંડપ કલાત્મક રીતે સજાવવામાં આવ્યાં હતાં.

શંભુ રીંછે સ્વાગત સમિતિનું સુકાન બખૂબી સંભાળ્યું હતું. દૂર દૂરથી ટ્રેન કે વિમાન માર્ગે નજીકનાં મથકોએ આવી પહોંચેલાં મહેમાનોને વાંદરાઓ અને ઝડપી હરણો આદરપૂર્વક તેડી લાવ્યાં. મોરની કળાત્મક ટીમે ફૂલો અને રંગબેરંગી પાંદડાં વડે આખા પરિસરને નવવધૂની જેમ શણગાર્યું હતું. પક્ષીઓના મધુર ગીતો અને સૂરોથી વાતાવરણ જીવંત બની ગયું હતું. સંધ્યા ઢળતાં જ હજારો આગિયાઓએ પોતાના તેજથી રામગંગાના પટને ઝગમગાવી દીધો!

પારો વાઘણની સૂચના મુજબ મહેમાનોને સૌપ્રથમ હર કી પૌડી ખાતે ભવ્ય ગંગા આરતીનાં દર્શન, પવિત્ર સ્નાન અને ઉત્તરાખંડનાં મનોહર હિલ સ્ટેશનોની સફર કરાવવામાં આવી હતી. સૌ અતિથિઓ પ્રકૃતિની ગોદમાં પરમ આનંદ માણીને હવે મુખ્ય સૌંદર્ય-સ્પર્ધા નિહાળવા ઉત્સુક બન્યાં હતાં.

મંચ પર નિર્ણાયક તરીકે પારો વાઘણ, કેરળના સુપ્રસિદ્ધ અને અત્યંત શાંત ગજરાજ પુથ્થુપ્પલ્લી સાધુ તેમજ ગીરના સાવજકુળની જગવિખ્યાત નરજોડી જય-વીરુ સિંહ પોતપોતાના સ્થાને બિરાજમાન થયાં.

સૌપ્રથમ ગુજરાતના સાસણ ગીરની ગૌરવવંતી સુંદરી સિંહણે શાહી અદાથી લટકમટક ચાલ સાથે પ્રવેશ કર્યો. ત્યારબાદ કર્ણાટકના બાંદીપુર જંગલમાંથી આવેલી ચપળ અને રૂપાળી નૂરી હરિણી પોતાના લાવણ્યથી સૌને મોહી રહી.

શરણાઈ અને વાજિંત્રોના મધુર સૂર વચ્ચે ભારતના વિવિધ રાષ્ટ્રીય ઉદ્યાનોમાંથી પધારેલી સુંદરીઓએ પ્રવેશ કર્યો. જંગલના પ્રખ્યાત ડિઝાઇનર ઘોડાભાઈએ કુદરતી એકબીજાથી ચડિયાતાં હતાં. કોઈને લાગતું હતું કે ગીરની સાવજણ જીતશે, તો કોઈને બાંદીપુરની નૂરી હરિણી, પેરિયારની ગોપિકા હાથણી કે રણથંભોરની ચંદા વાઘણ પ્રબળ દાવેદાર લાગતી હતી.

ચારેય નિર્ણાયકોએ પરસ્પર ગહન વિચાર-વિમર્શ કર્યો. ત્યારબાદ મુખ્ય જજ પારો વાઘણ પરિણામ જાહેર કરવા માટે ધીરેથી ઊભી થઈ. આખા મેદાનમાં સોપો પડી ગયોત સૌ પોતાના કાન સરવા કરીને બેઠાં.

પારોએ ગંભીર અને મીઠા અવાજે સંબોધન શરૂ કર્યું'થ 'મારાં વહાલાં વનવાસી મિત્રો! આટલી અપ્રતિમ અને અલૌકિક સુંદરતા ધરાવતી સ્પર્ધકોમાંથી કોઈ એકને 'મિસ જંગલ સુંદરી' જાહેર કરવી એ અમારા માટે અશક્ય કામ બની ગયું છે. સાચું કહું તો શરૂઆતમાં મને આ સૌંદર્ય-સ્પર્ધાના વિચાર પ્રત્યે સહેજ પણ સહમતી નહોતી. માનવીઓ આવી સ્પર્ધાઓ યોજે છે કારણ કે તેમની પાછળ એમનો વ્યાપારી સ્વાર્થ છુપાયેલો હોય છેત પરંતુ આપણે વનવાસીઓ છીએ, વ્યાપારી નથી!'

પારોએ નિર્ણાયકમંડળ તરફ દ્રષ્ટિ કરતાં આગળ કહ્યું'થ 'આપણી સાથે જજ તરીકે બિરાજેલા કેરળના પરમ વિદ્વાન પુથ્થુપ્પલ્લી સાધુ ગજરાજે એક અત્યંત માર્મિક વાત મૂકી છે. તેમણે કહ્યું કે આપણા સમગ્ર જીવસૃષ્ટિનું સર્જન પરમકૃપાળુ પરમાત્માએ કર્યું છે. તો શું એ દિવ્ય સર્જનહારની કોઈ પણ રચના ક્યારેય અસુંદર કે કદરૂપી હોઈ શકે ખરી? ઈશ્વરના દરબારમાં પ્રત્યેક જીવ અજોડ અને સંપૂર્ણ છે... તો પછી આપણી શું વિસાત કે આપણે કોઈને સુંદર અને કોઈને અસુંદર કહીએ? અહીં ઉપસ્થિત પ્રત્યેક સ્પર્ધક પોતપોતાની રીતે અદ્વિતીય અને પરમ સુંદર છે!'

સૌ વિસ્મયથી સાંભળી રહ્યાં કે તો પછી મુગટ કોને મળશે?

પુથ્થુપ્પલ્લી સાધુ હાથીએ પોતાની સૂંઢ ઊંચી કરી સૌમ્ય વાણીમાં ઉમેર્યું- 'કોઈ એક વ્યક્તિ કે જીવને 'સર્વશ્રેષ્ઠ' કહીને બાકીના તમામને પાછળ ધકેલી દેવા એ કુદરતની વિવિધતા પ્રત્યે ઘોર અન્યાય છે. જેને આપણે એકલો શ્રેષ્ઠ કહીએ છીએ, તેના મનમાં અહંકાર ઘર કરી જાય છે, જે આખરે તેના પતનનું કારણ બને છે. વળી, બાકીના નિર્દોષ જીવોના હૃદયમાં લઘુતાગ્રંથિ અને નિરાશા જન્મે છે. અહંકાર અને લઘુતાગ્રંથિ બંને આપણા આત્માના શત્રુ છે!'

નિર્ણાયક જય-વીરુ સિંહ અને પારો વાઘણે એકસૂરે ગર્જના કરી- 'તેથી જ, આ અદાલત એવા ઐતિહાસિક નિર્ણય પર પહોંચી છે કે આજની આ 'મિસ જંગલ સુંદરી' સ્પર્ધાની વિજેતા કોઈ એક સુંદરી નથી... પરંતુ મંચ પર ઉપસ્થિત તમામ સ્પર્ધકો સંયુક્ત રીતે વિજેતા બને છે! ઈશ્વરનું પ્રત્યેક સર્જન વિજેતા છે!'

ક્ષણવાર માટે તો સભામંડપમાં સ્તબ્ધતા છવાઈ ગઈ. પરંતુ પળવારમાં જ આ ઉમદા અને ક્રાંતિકારી નિર્ણયને વધાવતો તાળીઓનો પ્રચંડ ગડગડાટ શરૂ થયો! સમગ્ર રામગંગાનો તટ પશુ-પંખીઓના હર્ષનાદથી ગુંજી ઊઠ્યો. સ્પર્ધકોના ચહેરા પર કોઈ પણ ઈર્ષ્યા વગર સાચો આનંદ અને આત્મગૌરવ ઝળહળી ઊઠ્યાં.

જંગલના ન્યાયી જજો દ્વારા લેવાયેલા આ વિવેકપૂર્ણ નિર્ણયની યશોગાથા ભારતભરનાં અરણ્યોમાં વર્ષો સુધી ગવાતી રહી. ■

આવેલી ચપળ અને રૂપાળી નૂરી હરિણી પોતાના લાવણ્યથી સૌને મોહી રહી. કેરળના પેરિયાર અભયારણ્યમાંથી આવેલી ગોપિકા હાથણી પોતાની ધીરગંભીર અને ભવ્ય મસ્ત ચાલે આવી પહોંચી. મધ્યપ્રદેશના કાન્હા અને બાંધવગઢના અરણ્યમાંથી પધારેલી ગૌરી દીપડીની કાયા અને ચપળતા જોઈને સૌ દંગ રહી ગયાં!

રાજસ્થાનના રણથંભોરની અમર વાઘણ 'મછલી'ની પૌત્રી ચંદા વાઘણનો રજવાડો ઠસ્સો જોવા જેવો હતો. આસામના કાઝીરંગામાંથી પધારેલી એકશિંગી માદા ગેંડાએ પોતાની અદભુત મક્કમતા દર્શાવી, તો સુંદરવનના ખારા જળમાંથી આવેલી ઈરાવદી ડોલ્ફિને પોતાની જળ-નૃત્યની અદાઓથી સ્ટેડિયમ ગજવી મૂક્યું. યજમાન જિમ કોર્બેટ તરફથી પારોની ગુણવાન દીકરી 'છોટુ પારો' વાઘણ પોતાના સૌંદર્ય, નમણાશ અને તીક્ષ્ણ બુદ્ધિથી સૌના આકર્ષણનું કેન્દ્ર બની રહી.

પ્રેક્ષક બનેલાં તમામ પશુ-પંખીઓ તાળીઓના ગડગડાટ અને ચિચિયારીઓથી મંચ ગજવી રહ્યાં હતાં.

અંતે આતુરતાની પળો પૂર્ણ થઈ અને પરિણામનો સમય આવ્યો. સૌના મનમાં એક જ ઉત્સુકતા હતી-આખરે 'મિસ જંગલ સુંદરી'નો ખિતાબ કોના શિરે જશે? પ્રત્યેક સ્પર્ધક રૂપ, રૂઆબ અને પ્રકૃતિદત્ત લાવણ્યમાં

Who Really Makes the Garbage?

Nainil J. Pandya

Every morning, long before the city woke up, its streets looked clean and fresh. Children walked safely to school, shopkeepers opened their stores, and people hurried to work. Yet, hardly anyone noticed the sanitation workers who started their day before sunrise to keep the city clean.

Ramu was one of them.



Wearing his bright orange jacket, he swept the streets with care every morning. He collected plastic wrappers, empty bottles, paper cups, dry leaves and other waste in his cart.

One morning, Reema woke up early and heard a familiar sound.

"Swish... Swish... Swish..."

Curious, she stepped outside.

"Good morning, Uncle!"

"Good morning!" the man replied with a smile.

"What's your name?"

"My name is Ramu."

"I'm Reema. Nice to meet you!"

"Nice to meet you too, Reema."

As they chatted, Reema noticed a broken piece of glass hidden beneath a pile of garbage.

"Be careful, Ramu Uncle!"

Ramu stepped back just in time.

"Thank you, Reema."

"Does your work hurt you sometimes?" she asked.

"Yes," Ramu replied. "People often throw broken glass and other sharp objects into their garbage without wrapping them properly. These can injure sanitation workers and animals. They can also harm the environment."

"Then why do you do this work every day?"

"Because keeping the city clean helps everyone stay safe and healthy."

Just then, Mr Verma walked by, holding an empty plastic bottle. Without a second thought, he threw it onto the freshly cleaned road.

Ramu politely pointed towards a nearby dustbin.

Mr Verma laughed.

"Why should I use it? You are the 'kachrewala'. Cleaning garbage is your job!"

Reema expected Ramu to get angry. But instead, he calmly replied, "Sir, I am a sanitation worker. I don't create garbage. I clean it up."

"Then why do you do this work every day?" "Because keeping the city clean helps everyone stay safe and healthy."

Reema turned towards Mr Verma.

"If Ramu Uncle cleans the garbage, and you threw this bottle on the road, then who really makes the garbage?"

Mr Verma looked at the bottle and then at Ramu's tired hands. He fell silent. A moment later, he picked up the bottle and dropped it into the dustbin.

"I'm sorry," he said.

A few days later, Reema's school organised a drawing competition on the theme Our City, Our Hero. Many students drew doctors, engineers, police officers and other people they admired.

Reema chose to draw a sanitation worker in an orange jacket, sweeping the streets.

Her drawing won first prize!

Mr Verma was also present at the event with his child. When he saw Reema's drawing, he stopped to read the words written beneath it:

"Heroes are not just people who do extraordinary things in special moments. They are also those who quietly work every day to make life better for everyone."

The next morning, Mr Verma spotted Ramu cleaning the street.

"Good morning, Ramu!" he greeted him warmly.

Ramu smiled.

From that day onwards, Mr Verma never threw garbage on the road again. He also began encouraging others to use dustbins and keep their surroundings clean.

Moral

Respect sanitation workers. They keep our cities clean, but preventing litter is everyone's responsibility. ■

The Astrologer Who Couldn't Predict His Own Trouble

B. S. Parmar

Once, I was travelling on a narrow-gauge train. It stopped at Shinor station for just five minutes before slowly pulling out. Just as the train began to move, a man came running and managed to board my compartment. He looked like a Brahmin, with a tilak on his forehead, a saffron cap on his head and a saffron cloth draped over his shoulder. He was also carrying a bag of grain.

As the train picked up speed, two ticket checkers entered the compartment. One of them began checking the passengers' tickets, moving from one seat to another. When they reached the newly boarded passenger, they asked him to show his ticket.

"Sir, I couldn't buy a ticket because I was late. If I had stopped to purchase one, I would have missed the train," the man explained.

"Sir, you are a very lucky man! You are destined to be happy and prosperous. Very soon, one of your wishes will come true!"

"That's no excuse!" replied the ticket checker sternly. "You will have to pay a fine of Rs 500." "But, sir, I am a poor Brahmin. I don't have enough money to pay the fine," pleaded the man. The ticket checker looked at him and asked, "What do you do for a living?" "I am an astrologer, sir. I can predict people's fortunes," the man replied confidently.

"Oh! Is that so? Can you tell me something about my future?" asked the ticket checker, stretching out his palm.

The astrologer carefully examined his palm and said, "Sir, you are a very lucky man! You are destined to be happy and prosperous. Very soon, one of your wishes will come true!"



"Wonderful!" exclaimed the ticket checker. "My greatest wish is to receive Rs 500 from you right now!"

The astrologer was taken aback. He had clearly not expected such a prediction!

"Please, sir! I really don't have any money. Kindly forgive me this time," he pleaded.

The ticket checker smiled and replied, "From now on, don't try to predict things you know nothing about, and don't fool innocent people with false promises. And remember, always buy a ticket before boarding a train!"

The poor astrologer had certainly failed to predict his own immediate future! ■

Marks, Skills or AI - What Really Matters?




Dear Uncle, Fix It!

I am a student of Class 11, and like many teenagers, I have several questions about my future. At this age, we struggle with self-doubt, time management, choosing the right skills and deciding what career path to follow.

The biggest problem is that our school education still seems to revolve around old textbooks, examinations and marks. We are constantly encouraged to score high, secure the first position in class and choose a safe career. But is that enough? Everyone says that skills will matter more than ever. However, our schools hardly teach us practical skills that can prepare us for this changing world. So, what should we really focus on? Should we concentrate on scoring excellent marks, learning new skills or exploring our interests? Which life skills should every student learn to build a bright and successful future?

- Arjun Thakor



With Artificial Intelligence (AI) transforming almost every profession, students are increasingly confused about what they should learn beyond textbooks. Here is one Class 11 student's question about preparing for a future that looks very different from the world his parents grew up in.

Dear Arjan,

First of all, congratulations! You are in Class 11, but you are already asking questions that many people don't think about until they are much older. That's a good sign. It means you are not simply preparing for your next examination; you are thinking about your life.

And you are right about one thing: the world is changing faster than ever. But let me clear up a common confusion.

Marks are important, but they are not everything. Skills are important, but they are not everything either. What you need is a combination of both.

Think of your school education as the foundation of a building. Mathematics, science, languages and other subjects develop your ability to understand the world. Don't throw away your textbooks just because someone says AI is the future!

However, a strong foundation alone cannot build the entire building. You need additional skills. Here are six areas I would suggest you work on.

1. Communication: Learn to Express Yourself

You may have brilliant ideas, but what if you cannot explain them to others? Learn to speak confidently, write clearly, listen carefully and express your opinions respectfully.

Participate in debates, give presentations, write articles or simply practise speaking in English and your mother tongue. Remember, communication is not about using difficult words. It is about making people understand what you mean.

2. Critical Thinking: Don't Believe Everything You See

We live in an age of information overload. Social media, YouTube and AI tools provide thousands of answers within seconds. But how do you know which answers are correct? Learn to question information, check facts, compare different opinions and identify misinformation. Instead of blindly accepting an answer, ask yourself, "Does this make sense?"

A curious mind is one of your greatest assets.

3. Technology and AI: Become a Creator, Not Just a User

You don't necessarily have to become a computer engineer, but you should understand how technology works.

Experiment with AI tools, learn basic coding if it interests you, explore digital design, spreadsheets and online research. Learn how to use AI responsibly and verify its answers. Remember, AI is a tool. The person who knows how to ask the right questions, think creatively and use technology intelligently will have an advantage.

4. Time Management and Self-Discipline: Master Your Day

You have 24 hours, just like Elon Musk, Virat Kohli and every other successful person. The difference lies in how you use those hours!

Make a simple daily schedule. Set aside time for studies, hobbies, physical activity, reading and relaxation. Avoid spending endless hours scrolling through Instagram or watching random videos.

Don't aim to become a productivity machine. You are a teenager, not a robot! Enjoy your life while learning to use your time wisely.

5. Financial Literacy: Learn How Money Works

Surprisingly, many students complete their education without understanding basic financial concepts.

Learn about saving, budgeting, interest, banking, investments and responsible spending. Understand the difference between needs and wants.

You don't need to become a financial expert at 16. Just start developing healthy money habits.

6. Emotional Intelligence: Understand Yourself and Others

Learn to handle criticism, accept failure, manage anger, understand other people's feelings and work in a team. Don't allow one bad examination result to convince you that you are a failure.

Your marksheet measures your academic performance, not your intelligence, kindness, creativity or potential.

So, What Should You Do Right Now?

Here is my practical advice. ■ **Don't neglect academics:** Aim for good marks, but don't make them your entire identity. ■ **Pick one new skill every six months:** It could be public speaking, graphic design, coding, photography or creative writing. ■ **Read beyond textbooks:** Read biographies, science magazines, newspapers and books that introduce you to new ideas. ■ **Build something:** Start a blog, create a small website, make a presentation or work on a school project. Learning becomes exciting when you actually create something. ■ **Exercise and sleep well:** A healthy mind needs a healthy body. ■ **Don't compare your journey with others:** Your classmate may be brilliant at mathematics while you may be gifted at communication. Discover your own strengths.

And one last thing, Arjun. Don't become obsessed with predicting which jobs will survive the AI revolution. Nobody knows exactly what the world will look like 15 years from now. Instead, develop qualities that will remain valuable in almost any profession: curiosity, creativity, adaptability, empathy, problem-solving and the willingness to keep learning.

Don't prepare merely to get a job. Prepare to become a person who can learn, adapt, create and contribute, no matter how the world changes. And remember, your Class 11 marks may decide your next academic step, but your curiosity, character and skills will help shape your journey through life.

The future doesn't belong only to those who score the highest marks. It belongs to those who never stop learning! ■

મધપૂડો

એ મણિ જેને અડકાડીશ એ વસ્તુ સોનાની થઈ જશે

આવશ્યકતાથી વધારે વસ્તુ રાખવી મોટામાં મોટું પાપ છે

ચખાડ્યા માજીએ મહેનતના મેવા

હરીશ નાયક

ગંગાનો સોહામણો કિનારો.

એને કિનારે એક કુટીર. એ કુટીરમાં એક સાધુ રહે. ભારે સિદ્ધ પુરુષ. 'રે તે કરી શકે, 'રે તેને રાય બનાવી દે. 'રે તેને રાંક બનાવી દે.

પાસે જ મોટું શહેર.

રોજ શહેરમાં લોકો આવે. પોતાની મુશ્કેલી સાધુ મહારાજને કહે - 'સાધુ મહારાજ તેમની મુશ્કેલી દૂર કરી દે.'

દૂર દૂરથી લોકો આવે.

જે આવે તેને ઉપદેશ આપે, બે- ચાર બોધવચનો કહે. એ બોધવચનો પ્રમાણે તેઓ જીવે, વર્ષ બે વર્ષમાં સુખી થઈ જાય.

કોઈ ધનવાન પણ બને.

કોઈ પ્રભુભક્ત પણ બને.

સૌ કોઈ સુખે જીવન ગુજારે. દયાળુ અને પરોપકારી બને. નમ્ર અને ઉદાર બને. કદી ન કરે ક્રોધ કે કદી ન કરે અભિમાન.

ઘણાબધાને ન્યાયી બનાવી દીધા. ઘણાબધાને રંક બનાવી દીધા.

આથી ચોમેર તેમની કીર્તિ ફેલાઈ ગઈ. દૂરદૂરથી લોકો તેમના ભક્ત બનવા લાગ્યા, જ્યાં ત્યાં તેમના ગુણગાન ગવાવા લાગ્યાં.

એક દિવસની વાત છે.

દૂરના દેશથી એક ધનવાન આવ્યો. ભારે ધનવાન હીરા-મોતીનો વેપાર કરે. ખૂબ કમાય. કમાય એટલું વાપરે. બધું મોજશોખમાં ઉડાવી દે. આથી મિલકત વધે નહિ.

કમાય ઘણું અને મિલકત વધે નહિ.

આથી તેની ચિંતા વધતી જતી હતી. તેથી જ તે સાધુ મહારાજ પાસે આવ્યો હતો.

સાધુ મહારાજ આગળ માથું નમાવી દીધું.

સાધુ મહારાજે નજીકમાં બેસવા કહ્યું. હીરા-મોતીના શેઠ તેમના પગ આગળ બેસી ગયા.

થોડીવારે સાધુએ પૂછ્યું - 'ભાઈ ! તમારું નામ શું ?'

શેઠે કહ્યું - 'મારું નામ ધનનંદ.'

સાધુએ પૂછ્યું - 'તમારે કેમ આવવું થયું ?'

ધનનંદ હસ્યો અને ધીમે રહીને બોલ્યો - 'સાધુ મહારાજ, હું વર્ષોથી હીરા-મોતીનો ધંધો કરું છું. ખૂબ ખૂબ કમાઉં છું. પણ કંઈ કરતાં કંઈ બચતું નથી. એટલે મારી મૂડી એકાએક ચાર છ ગણી વધી જાય તેવો માર્ગ બતાવો.'

સાધુ મનમાં હસી પડ્યા.

ધીમે રહીને સાધુએ કહ્યું - 'ભલે ભાઈ ! હું તારી મૂડી ચાર-છ ગણી ચોક્કસ કરી આપીશ. તું કાલે સવારે ત્રીજા પહોરે અહીંયા આવજે.'

ધનનંદ શેઠ ખુશ થયા.

સાધુ મહારાજને નમન કરી ચાલ્યા ગયા.

આખી રાત ધનનંદ શેઠને તેના જ વિચાર આવ્યા કર્યા.

બીજો પહોર થયો.

શેઠ ઊઠ્યા. આવ્યા સાધુ મહારાજ પાસે.

સાધુ મહારાજની કુટીરનું બારણું ખખડાવ્યું. સાધુ મહારાજે અંદરથી પૂછ્યું, 'કોણ છે ?'

ધનનંદ કહે - 'એ તો હું ધનનંદ.'

સાધુ ખડખડાટ હસી પડ્યા. પછી કહે - 'હજુ તો બીજો પહોર થયો છે. જાઓ, ત્રીજા પહોરે આવજો.'

ધનનંદ શેઠ ગંગાકિનારે ગયા.

ગંગાના કિનારે બેસી જાતજાતના વિચારો કરવા લાગ્યા. હવે મૂડી ચાર-છ ગણી થઈ જશે.

પછી તો આપણે લીલાલહેર. કોઈ વાતનું દુ-ખ નહિ રહે.

આમ ક્યાંય સુધી વિચારો કરતા રહ્યા, છેવટે ત્રીજો પહોર થયો.

તરત ધનનંદ ઉઠી સાધુની કુટીર પર ગયો. સાધુ તૈયાર થઈને ઉભા હતા.

ધનનંદે રાજી થઈને કહ્યું - 'સાધુ મહારાજ ! હવે તમે મને મારી મૂડી ચાર-છ ગણી કરવાનો માર્ગ બતાવો.'

સાધુ મહારાજે થોડી વાર શાંત રહી કહ્યું - 'ભાઈ ! અહીંથી સીધેસીધો તું ચાલ્યો જા. એકાદ માઈલ દૂર જઈશ એટલે એક ગામ આવશે. એ ગામના પટેલવાસમાં જજે. ત્યાં બધા ખેડૂતો રહે છે ત્યાં જઈ સૌથી પહેલા ઘેર જઈને આ એક રતલ ઘઉંનો લોટ આપી આવ.'

ધનનંદ આશ્ચર્ય પામ્યો. તેની જિજ્ઞાસા રહી ન શકી. તરત જ પૂછી નાખ્યું - 'આમ કરવાથી મારી મૂડી ચાર-છ ગણી થઈ જશે ?'

સાધુ મહારાજે હસતાં હસતાં કહ્યું - 'ઉતાવળા ન થાઓ, ભાઈ ! તમે તેને એક શેર લોટ આપશો એટલે તે એક પારસમણિ ભેટ આપશે. એ મણિ તું જેને અડકાડીશ એ વસ્તુ સોનાની થઈ જશે. પછી તો તમારે લીલાલહેર છે ને ? પણ એક વાત ધ્યાનમાં રાખજો.'



ધનનંદ હસ્યો અને ધીમે રહીને બોલ્યો - 'સાધુ મહારાજ, હું વર્ષોથી હીરા-મોતીનો ધંધો કરું છું. ખૂબ ખૂબ કમાઉં છું. પણ કંઈ કરતાં કંઈ બચતું નથી. એટલે મારી મૂડી એકાએક ચાર છ ગણી વધી જાય તેવો માર્ગ બતાવો.'

'સાધુ મહારાજ, હું વર્ષોથી હીરા-મોતીનો ધંધો કરું છું. ખૂબ ખૂબ કમાઉં છું. પણ કંઈ કરતાં કંઈ બચતું નથી. એટલે મારી મૂડી એકાએક ચાર છ ગણી વધી જાય તેવો માર્ગ બતાવો.'

ધનનંદ કહે - 'કંઈ ?'

સાધુ મહારાજ કહે - 'એ ખેડૂતની માતા કોઈનો લોટ લેતી નથી. એટલે તમે લોટ લેવા આજીજી કરજો. એમ કરશો તો તમે પારસમણિ પ્રાપ્ત કરી શકશો. નહિ તો નહિ.'

ધનનંદ કહે - 'ભલે !'

વાત બરોબર યાદ રાખી લીધી.

પારસમણિની આવી વાત સાંભળી ધનનંદ રાજી રાજી થઈ ગયો.

ઉતાવળા પગે સામેના ગામ તરફ ચાલવા માંડ્યું. થોડીવારમાં ગામ નજીક આવી ગયા. તેમના હર્ષનો પાર નહોતો. તરત પટેલવાસમાં જઈ સૌ પહેલા ઘરનાં બારણાં ખખડાવ્યાં.

અંદરથી કંઈ જવાબ ન આવ્યો.

ફરી બારણા પર ટકોરા મારી જોયા, છેવટે અંદરથી અવાજ આવ્યો. 'આ વહેલી સવારે કોણ હશે ?'

શેઠે તેમનું અને સાધુ મહારાજનું નામ આપ્યું.

તરત બારણાં ખૂલી ગયાં.

ધનનંદના આનંદનો પાર ન રહ્યો. અંદરથી આવેલ એક નાના છોકરાએ પૂછ્યું - 'ભાઈ ! આટલા વહેલા શા માટે આવ્યા છો ? તમારે આશરો જોઈતો હોય તો અંદર આવો.'

ધનનંદ કહે - 'ના ભાઈ ! મારે આશરો જોઈતો નથી. હું તો આ શેર લોટ આપી પારસમણિ લેવા આવ્યો છું. આ લોટ લઈને મને પરાસમણિ આપી દે.'

છોકરો કહે - 'ઉભા રહો, હું મારાં દાદીમાને પૂછી આવું.'

થોડીવારમાં તે દાદીમાં પાસે આવી પહોંચ્યો, અને પૂછ્યું 'દાદીમાં, બહાર એક ભાઈ એક શેર લોટ આપવા આવ્યા છે અને એના બદલામાં પારસમણિ માગે છે.'

દાદી મા કહે - 'બેટા ! આજનો દિવસ ચાલે તેટલો લોટ આપણી પાસે છે, એટલે એ ભાઈનો લોટ લેવાની ના પાડી દે. આવશ્યકતાથી વધારે વસ્તુ રાખવી મોટામાં મોટું પાપ છે.'

છોકરો તરત દોડતો દોડતો શેઠ પાસે આવ્યો.

ધનનંદ શેઠે તરત પૂછ્યું - 'તું પૂછી આવ્યો ?'

છોકરો કહે - 'હા.'

ધનનંદ કહે - 'શું કહ્યું ?'

છોકરાએ માંડીને બધી વાત કરી.

ધનનંદ ગૂંચવાયા.

મનમાં કંઈક યાદ આવતાં પૂછ્યું - 'પણ આ લોટ કાલ માટે લઈ લોને એમ તારી દાદીમાને કહે.'

છોકરાએ દાદીમાને વાત કરી.

દાદીમાં કહે - 'બેટા !એને કહે કે કાલની ચિંતા અમને નથી. આ પ્રકારની સંગ્રહવૃત્તિ કરી અમે અમારી નૈતિક શક્તિ ઘટાડી દઈશું નહિ. બીજાનું પરિશ્રમ વિનાનું અન્ન અમને પચતું નથી. અમે મહેનત કરીશું. એટલાથી અમને સંતોષ છે. તમારી પાસેથી હરામનો લોટ લઈ અમે અમારી સંતોષવૃત્તિ ઘટાડી દેવા માંગતા નથી.'

છોકરો દોડતો દોડતો બહાર આવ્યો.

ધનનંદ શેઠને વાત કરી.

ધનનંદ આશ્ચર્ય પામી ગયા. તેઓ કહે - 'ભાઈ ! મને તારાં દાદીમા પાસે લઈ જા.'

છોકરો કહે - 'ચાલો !'

બન્ને દાદીમાં પાસે આવી ગયા.

દાદીમાએ પૂછ્યું - 'કેમ આવવું પડ્યું ?'

ધનનંદે માંડીને વાત કરી અને કહ્યું - 'મને તમે પારસમણિ ન આપી શકો ?'

દાદીમા કહે - 'આપી શકું.'

અનુસંધાન પાન નં-૦૭ ઉપર

સ્વચ્છતાના દૂત - કાલુ કાગડાભાઈ

ડો. ફાલ્ગુની રાઠોડ 'ફાગ'

એક નાનકડા માધવપુર ગામની પડખે એક લીલુંછમ અને ગાઢ જંગલ આવેલું હતું. જંગલમાં આકાશને આંબતાં વૃક્ષો, રંગબેરંગી સુગંધિત ફૂલો, કલકલ વહેતું શીતળ ઝરણું અને મધુર સૂરે ગાતાં પંખીઓ વસતાં હતાં. વહેલી સવાર પડતાં જ આખું જંગલ પક્ષીઓના મીઠા કલરવથી ચહેકી ઊઠતું.

એ જંગલમાં કાલુ નામનો એક કાગડો રહેતો હતો. કાલુ સ્વભાવે ખૂબ જ સમજદાર, ચતુર અને અત્યંત સ્વચ્છતાપ્રેમી હતો. તે રોજ સૂર્યોદય પહેલાં ઊઠીને ઊડતો ઊડતો આખા જંગલની મુલાકાત લેતો અને સૌના ખબરઅંતર પૂછતો.

એક દિવસ કાલુ 'કા... કા... કા...' કરતો ઝરણાના કાંઠે પહોંચ્યો. ત્યાંનું દ્રશ્ય જોઈને તે ભારે વ્યથિત થઈ ગયો! ઝરણાની આસપાસ કાગળના ડૂચા, પ્લાસ્ટિકની કોથળીઓ, બિસ્કિટનાં ચમકતાં રેપર અને ખાલી બોટલો વેરણછેરણ પડી હતી.

કાલુ દુખી અવાજે બોલ્યો, 'અરેરે! આ શું થઈ ગયું? આપણું આ નિર્મળ ઝરણું તો કચરાના ઢગલાથી રૂંધાઈ ગયું!'

એટલામાં વડની ડાળ પરથી કૂદકો મારીને વાંદરાભાઈ નીચે આવ્યા.

કાલુએ પૂછ્યું, 'વાંદરાભાઈ, અહીં આટલો બધો કચરો કોણે ફેલાવ્યો હશે?'

વાંદરાભાઈએ બેપરવાઈથી હસીને કહ્યું, 'અરે કાલુ! એમાં આટલો બધો કકળાટ શાનો કરે છે? જંગલમાં એકાદ કાગળ કે એકાદ પ્લાસ્ટિકની થેલી ઊડીને આવે તો શું આખું અરણ્ય ગંદું થઈ જાય?'

કાલુએ ગંભીરતાપૂર્વક સમજાવ્યું, 'એક જણની ભૂલ નાની લાગે, પરંતુ જો જંગલનો પ્રત્યેક જીવ આવું જ વિચારવા લાગે તો?'

ત્યાં નાનકડું સસલું દોડી આવ્યું અને બોલ્યું, 'કાલુભાઈની વાત સો ટકા સાચી છે. ગઈકાલે સાંજે હું અહીં પાણી પીવા આવ્યું હતું, પણ કિનારે ગંદકી જોઈને મને પાણી પીવાનું મન ન થયું અને હું તરસ્યું જ પાછું વળી ગયું.'



કાલુએ ઊંડો નિસાસો નાખીને કહ્યું- 'સ્વચ્છ રહેશે ધરતી આપણી, ત્યારે ખુશ રહેશે કુદરત રાણી!'

ત્યાં હરણનું નાનું બચ્ચું મીઠું આગળ આવીને બોલ્યું, 'કાલુ કાકા, આ ગંદકી દૂર કરવા આપણે શું કરી શકીએ?'

કાલુભાઈએ વહાલથી કહ્યું, 'બેટા, શુભ કાર્યની શરૂઆત હંમેશાં પોતાનાથી જ થાય છે. ચાલો, આપણે સૌ સાથે મળીને જંગલ ચોખ્ખુંચણક બનાવી દઈએ!'

બધાં પ્રાણીઓ ઉત્સાહભેર કામે લાગી ગયાં. સસલાંઓએ કાગળના ટુકડા ભેગા કર્યાત હરણોએ પ્લાસ્ટિકની કોથળીઓ એકઠી કરી. વાંદરાઓએ ઝાડીઓમાં ફસાયેલાં રેપર કાઢ્યાંત અને ચકલીઓ નાનો-મોટો કચરો ચાંચમાં ઉપાડી લાવી.

'મિત્રો, માત્ર એક દિવસ સફાઈ કરવાથી કાયમી ઉકેલ નહીં આવે. આપણે ક્યારેય કચરો કચરાપેટી સિવાય ક્યાંય ફેંકવો જ ન જોઈએ. સૂકો અને ભીનો કચરો અલગ રાખવો જોઈએ.'

વાંદરાભાઈ હાંફતાં હાંફતાં બોલ્યા, 'કાલુ, આજે મને બરાબર સમજાયું કે કચરો ફેંકવો જેટલો સરળ છે, તેને સાફ કરવો એટલો જ મુશ્કેલ છે!'

કાલુભાઈ મલકાઈને બોલ્યા, 'એટલે જ કોઈ પણ કચરો ફેંકતાં પહેલાં સો વાર વિચાર કરવો જોઈએ.'

સૌએ એકસૂરે ગાયું-

'કચરો નહીં ફેંકીએ,
સ્વચ્છતા અમે જાળવીશું...
આપણા વન-ઉપવનને,
સુંદર આપણે સૌ બનાવીશું!'

જોતજોતામાં ઝરણાનો કાંઠો સાવ સ્વચ્છ થઈ ગયો અને જળ ફરી નિર્મળ બનીને વહેવા લાગ્યું. પરંતુ કાલુભાઈ અહીં અટક્યા નહીં. તેમણે કહ્યું, 'મિત્રો, માત્ર એક દિવસ સફાઈ કરવાથી કાયમી ઉકેલ નહીં આવે. આપણે ક્યારેય કચરો કચરાપેટી સિવાય ક્યાંય ફેંકવો જ ન જોઈએ. સૂકો અને ભીનો કચરો અલગ રાખવો જોઈએ.'

હરણબાળ મીઠુએ કહ્યું, 'કાલુ કાકા, આપણે આ સુંદર સંદેશ ગામના લોકોને પણ પહોંચાડીએ!'

બીજે દિવસે કાલુ ઊડીને ગામની શાળા પાસે પહોંચ્યો. ગામનાં કેટલાંક બાળકો રસ્તા પર ચોકલેટનાં રેપર ફેંકી રહ્યાં હતાં.

કાલુએ નમ્રતાથી કહ્યું, 'બાળદોસ્તો, તમે રસ્તા પર આમ કચરો કેમ વેર્યો?'

એક બાળકે બચાવ કરતાં કહ્યું, 'કાલુ કાકા, અહીં તો પહેલેથી જ કચરો પડ્યો હતો!'

કાલુ બોલ્યો, 'જો રસ્તા પર પહેલેથી ગંદકી હોય તો શું આપણે તેમાં વધારો કરવો જોઈએ? કે પછી સફાઈ કરીને નવી શરૂઆત કરવી જોઈએ?'

બાળકો શરમાઈ ગયાં. એક બાળકી બોલી, 'કાલુ કાકા, તમારી વાત સાચી છે. હવેથી અમે ક્યારેય જાહેરમાં કચરો નહીં ફેંકીએ અને ઘરમાં પણ બધાંને સ્વચ્છતા રાખવા કહીશું.'

કાલુ રાજી થઈને ટહુક્યો-

'નાની નાની સારી આદત, લાવે મોટો જોને બદલાવ...
સ્વચ્છ ગામ ને સ્વચ્છ દેશ, આપણા સૌનો એ જ ભાવ!'

બાળકોએ એ જ દિવસથી ગામમાં સ્વચ્છતા અભિયાન શરૂ કર્યું. ગામના વડીલો પણ તેમાં જોડાયા. ગામના સરપંચે કાલુની પીઠ થાબડતાં કહ્યું, 'કાલુભાઈ, તમે અમને આંખ ઉઘાડનારો પાઠ શીખવ્યો છે કે સ્વચ્છતા એ કોઈ એક વ્યક્તિનું કામ નથી, પણ સમગ્ર સમાજની નૈતિક ફરજ છે.'

કાલુ કાગડો વૃક્ષની ઊંચી ડાળ પર બેસીને સ્વચ્છ ગામ અને રળિયામણું જંગલ જોઈ હર્ષથી ગદગદ થઈ ગયો-

'જે રાખે સ્વચ્છ પોતાનું ઘર,
તે રાખે સ્વચ્છ ગામ...
સ્વચ્છતા છે સૌની ફરજ,
એ જ આપણું સાચું કામ!'

તે દિવસથી સમગ્ર પંથકમાં કાલુ કાગડો 'સ્વચ્છતાના દૂત- કાલુ કાગડાભાઈ' તરીકે સન્માન પામ્યો. ■

પાના નં-૦૬થી શરૂ

ચખાડ્યા માજીએ...

ધનનંદ રાજી થઈ ગયા.

ધનનંદ કહે - તો મને એ પારસમણિ આપો. મારે એનાથી ધનવાન બની જવું છે. પછી આરામથી લીલાલહેર કર્યા કરીશ.

દાદીમાં કહે - 'ભલે લઈ જજો. પણ મારી એક શરત છે.'

ધનનંદ કહે - 'શી ?'

દાદીમા કહે - 'આ ગામમાં ત્રણ દિવસ કાળી મજૂરી કરો. એ મજૂરી મને આપશો, એટલે હું તમને પારસમણિ આપીશ.'

ધનનંદ કહે - 'ભલે !'

ધનનંદ ઊપડ્યા મજૂરી કરવા.



એક જણને ત્યાં ચાર આના રોજ રહી ગયા. ત્રણ દિવસ કાળી મજૂરી કરી છે. છેવટે પેલા ખેડૂતે ત્રણ દિવસના બાર આના આપ્યા.

ધનનંદ શેઠે આવીને દાદીમાને આપ્યા.

દાદીમાએ કહ્યું - 'જાઓ, એ પૈસા બહાર ગમાણમાં નાખી દો.'

ધનનંદને આશ્ચર્ય થયું.

એકદમ પ્રશ્ન કર્યો - 'કેમ ?'

દાદીમા કહે - 'તમે નાખી દો.'

ધનનંદ કહે - પણ કંઈ કારણ ?

દાદીમા કહે - 'તમે પહેલાં નાખી દો.'

ધનનંદ કહે - 'પણ એમ નાખી દેવાનું કંઈ કારણ તો હશે ને ?'

દાદીમા કહે - 'તમે નાખી તો દો...'

ધનનંદ ખીજે ભરાયા કહેવા લાગ્યા - 'અમે ત્રણ ત્રણ દિવસ કાળી મજૂરી કરી છે. એ મજૂરી પેટે આ બાર આના મળ્યા છે. એ કેવી રીતે નાખી દેવાય? ખરા પરસેવાના પૈસા કેમ છૂટે ?'

દાદીમા હસી પડ્યાં.

ધીરા અવાજે કહેવા લાગ્યાં - 'ત્યારે ભાઈ ! તમે મજૂરી કરો. મહેનત- મજૂરી કરશો એટલે આપમેળે તમને જાદૂઈ પારસમણિ મળી જશે. મારી પાસે એવો કોઈ પારસમણિ નથી. પણ અમે કદી મહેનત મજૂરી વિનાનું ખાતાં નથી. એક દિવસનું અમારી પાસે અનાજ પડ્યું હોય તો બીજા દિવસની ચિંતા કરતાં નથી. તેથી અમે સૌ કોઈ સુખી છીએ. તમે પણ સંગ્રહવૃત્તિ છોડી દો અને સંતોષ રાખો. આખો દિવસ પરિશ્રમ કરો અને ઈમાનદારીથી જીવો. તો તમે એક નહિ. પણ એક હજાર પારસમણિ મેળવી શકશો.' ધનનંદ ખુશ થયા.

સીધા ઘેર જઈ કામધંધો કરવા લાગ્યા. સંગ્રહવૃત્તિ છોડી દીધી. સંતોષ અને ઈમાનદારીથી જીવવા લાગ્યા. જોતજોતામાં ધન ઘણું વધી ગયું. મોજથી રહેવા લાગ્યા. ■

આપણા સ્વાતંત્ર્ય નાયકો

વીણા દાસ



વેણી માધવદાસ કોલકાત્તાની એક કોલેજના પ્રખ્યાત પ્રધ્યાપક હતા. સુભાષચંદ્ર બોઝે તેમની પાસેથી શિક્ષણ લીધેલું. પછીથી સુભાષચંદ્ર બોઝે પોતાના ચરિત્ર નિર્માણ પાછળ વેણી માધવદાસનાં ફાળાનો સ્વીકાર પણ કરેલો. આ વેણી માધવદાસને બે દીકરીઓ હતો. કલ્યાણી અને વીણા. મોટી કલ્યાણી ક્રાંતિનાં રંગે રંગાયેલી હતી. જિલ્લા જજ સ્ટીવેંસની હત્યા માટે તેણે જ સુનીતિ ચૌધરી અને શાંતિ ઘોષને પ્રેરણા આપેલી. બેઉ બાલિકાને સ્ટીવેંસનાં બંગલા સુધી પોતે જ બગીમાં મૂકી ગયેલી. પછીથી આ ષડયંત્ર રચવા બદલ કલ્યાણીને છ વર્ષની કારાવાસની સજા થયેલી. વખત જતાં મોટી બહેનના પગલે વીણા પણ સ્વાતંત્ર્યસંગ્રામમાં નાનિ બની. શરૂઆતમાં તેણે અસહકારના આંદોલનમાં ભાગ લીધો. બે વર્ષ જેલમાં ગઈ. જેલમાં તેની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો, પણ તે બચી ગઈ. જેલમાંથી છૂટ્યા પછી તે ક્રાંતિના માર્ગે વળી. એ વખતે અંગ્રેજ અધિકારી તરફથી ક્રાંતિકારીઓ પર નિર્મમપણે દમન થઈ રહ્યું હતું. વીણાએ આ અત્યાચારનો બદલો લેવાનું નક્કી કર્યું. બહુ સરળતાથી તેને એ અવસર મળી ગયો. ૬ ફેબ્રુઆરી, ૧૯૩૨ના રોજ કોલકાતાની યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં બંગાળનો ગવર્નર સ્ટેનલી જૈક્સન મુખ્ય મહેમાનપદે આવવાનો હતો. વીણાએ પણ આ સમારંભમાંથી બી.એ.ની પદવી લેવાની હતી. વીણાએ મનોમન નક્કી કરી નાખ્યું કે આ પ્રસંગે સ્ટેનલી જૈક્સનને ઠાર કરવો. અને એ દિવસ આવી ગયો. પદવી લેવા જવા માટે વીણાનો ક્રમ આવ્યો કે એ મલકાતી ઊભી થઈને મંચ ઉપર આવી. પદવી આપવામાં આવે એ પહેલાં પોતાના ગાઉનમાંથી પિસ્તોલ કાઢીને ગવર્નર સ્ટેનલી જૈક્સન તરફ તાકીને ગોળી છોડી દીધી. પરંતુ વીણાની આ ગોળી નિશાન પર ન વાગી. તેનાથી યુનિવર્સિટીનો કર્મચારી દિનેશચંદ્ર સેન ઘાયલ થયો. વીણાએ બીજી ગોળી છોડવા હાથ ઉઠાવ્યો. પરંતુ એ પહેલાં કર્નલ સુહરાવર્દીએ તેને પકડી લીધી. દેશ આખામાં વીણાના આ પરાક્રમના સમાચાર ફેલાઈ ગયા. વીણાની ધરપકડ કરીને એક બંધ કમરાને અદાલતનું રૂપ આપી તેમાં મુકદમો ચલાવવામાં આવ્યો. તેનાં પરિવારજનો સિવાય કોઈને ત્યાં આવવાની અનુમતિ આપવામાં આવી નહિ. સરકારને વિદ્રોહ ફાટી નીકળવાની બીક હતી. ફૈસલામાં તેને તેર વર્ષની કારાવાસની સજા કરવામાં આવી. પછીથી સજા ઘટાડીને તેને ૧૯૩૯માં જેલમાંથી મુક્ત કરવામાં આવી ૧૯૪૨માં દેશમાં હિન્દ છોડો આંદોલન ચાલ્યું. વીણા તેમાં કૂદી પડી. ફરી તેને ત્રણ વર્ષ માટે જેલમાં પૂરવામાં આવી.

કોલકાતાની યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં બંગાળનો ગવર્નર સ્ટેનલી જૈક્સન મુખ્ય મહેમાનપદે આવવાનો હતો. વીણાએ પણ આ સમારંભમાંથી બી.એ.ની પદવી લેવાની હતી. વીણાએ મનોમન નક્કી કરી નાખ્યું કે આ પ્રસંગે સ્ટેનલી જૈક્સનને ઠાર કરવો.

- જિતેન્દ્ર પટેલ



India's Largest Architectural Structures

Largest Cave Temple: The Kailasa Temple at the Ellora Caves in Maharashtra is the world's largest cave temple carved out of a single rock.

Largest Gateway: The Buland Darwaza at Fatehpur Sikri, near Agra, is about 50 metres tall. Visitors have to climb 42 steps to reach its entrance. This magnificent gateway is equivalent to a 15-storey building and is considered one of India's largest gateways.

Tallest Tower: The Pitampura Tower in Delhi, standing 235 metres tall, is one of India's tallest towers. Built in 1988, it is used for television broadcasting.

Largest Dome: The Gol Gumbaz in Bijapur, Karnataka, has a dome measuring 44 metres in diameter. It stands over a massive square structure measuring 156 feet in length, width and height. It is one of India's largest domes. There are seven-storey towers at all four corners. Visitors can climb the spiral staircases to reach the dome.

Longest Temple Corridor: The Ramanathaswamy Temple in Rameswaram, Tamil Nadu, has an impressive corridor measuring 17 feet in width and 3,850 feet in length. The corridor is 6.9 metres high and has 1,212 pillars.

આપણા દેશનાં ઓળખવા જેવાં પક્ષીઓ



- સારસ ક્રેન દેશનું સૌથી ઉંચુ પક્ષી છે.
- દેશનું સૌથી વધુ પાંખનો ઘેરાવો ધરાવતું પક્ષી હિમાલયનું દાઢીવાળું ગીધ છે.
- ભારતમાં સુંદર ગીતો ગાતા પક્ષીઓમાં ૯૫ ટકા નર પક્ષીઓ હોય છે.

પોપટ એક માત્ર પક્ષી એવું છે કે તે પોતાની ચાંચનો ઉપરનો અને નીચેનો ભાગ સ્વતંત્ર રીતે હલાવી શકે છે.

- લક્કડ ખોદની જીભ તેની ચાંચ કરતાં ચાર ગણી લાંબી હોય છે.
- દેશના સુંદર પક્ષી સુરખાબની ચાંચ વળેલી હોય છે. તે ચાંચ ઉંધી કરીને કિચડના તળિયેથી ખોરાક લે છે.
- ભારતનું સૌથી વધુ વાતો કરતું પક્ષી હિલમેના છે.
- મહારાષ્ટ્રમાં જોવા મળતું હરિત કબુતર આછા ગુલાબી રંગનું હોય છે. તેની પીઠ તેજસ્વી લીલા રંગની હોય છે.
- હિમાલયમાં જોવા મળતાં નવરંગી મોરની કળામાં નવ રંગો દેખાય છે.
- નાગાલેન્ડના બહુરંગી મોર બે ફૂટ લાંબા હોય છે. તેની પીઠ લીલા રંગની અને માથું પીળા રંગનું હોય છે.

પ્રાણીઓ વિશે નવાઈની વાત



- પૃથ્વી પરના સસ્તન પ્રાણીઓના ૨૩ ટકા પ્રાણીઓ ઊડી શકે છે. આ વાત સાંભળીએ તો નવાઈ લાગે પણ વાત સાચી છે. ઊડી શકનાર એકમાત્ર સસ્તન પ્રાણી ચામાચિડીયા પૃથ્વી પરના સસ્તન પ્રાણીઓની વસતીનો ૨૩ ટકા ભાગ રોકે છે.
- ઓસ્ટ્રેલિયામાં માણસો કરતા ઘેટાંની વસતી વધુ છે. ત્યાં ૧૪.૭ કરોડ ઘેટા છે. એટલે કે એક માણસ દીઠ ૮ થી ૯ ઘેટાં.
- સ્પર્મ વ્હેલ માછલી દરિયામાં દોઢ કિલોમીટરની ઊંડાઈએ બે કલાક સુધી રહી શકે છે.
- ચિમ્પાન્ઝી ઉમર વધે ત્યારે ટાલિયા થઈ જાય છે.
- માદા કાંગારૂ જુદી જુદી વયના બચ્ચા માટે એક સાથે બે પ્રકારનું દૂધ આપે છે.
- કીડીખાઉ એકમાત્ર એવું સ્થળચર છે કે જેને દાંત નથી.
- ઉંદર અને સસલા જેવા કાતરી ખાનારા નાના પ્રાણીઓ કરોડો ટન અનાજ અને ઉભા પાકને નુકસાન કરે છે.

વિશ્વના વિજ્ઞાનીઓ

Maurice Hilleman: The Man Who Developed Vaccines for 40 Diseases



Vaccines protect us from many diseases, including several caused by viruses. We know a great deal about vaccination today, thanks to the work of many scientists. One of the leading researchers was Maurice Hilleman. He developed vaccines for eight deadly diseases, including smallpox, hepatitis B and meningitis, as well as vaccines for 40 other diseases.

Maurice Hilleman was born on August 30, 1919, in Miles City, Montana, USA. His mother died shortly after his birth, so he was raised at his uncle's home. His uncle was a poultry farmer, which gave Hilleman an opportunity to study chickens from an early age.

Maurice often visited the church library, where he read about Charles Darwin's theory of evolution. He was deeply influenced by it.

He was an excellent student and received several scholarships. He later earned a doctorate in microbiology from the University of Montana. After completing his doctorate, he served as a military scientist from 1948 to 1958. During the Second World War, he developed an influenza vaccine that saved the lives of many soldiers. This discovery brought him recognition, and he received a prestigious military award.

In 1957, Hilleman joined a pharmaceutical company as a researcher. Through his remarkable work, he developed vaccines against eight deadly diseases and 40 other diseases, making an invaluable contribution to humanity. Hilleman was extremely hardworking and disciplined. He always followed a strict military-style work routine. After retirement, he also served as an adviser to the World Health Organization (WHO). He passed away on April 11, 2005.

Wheels and Axles: A Major Force Behind the World's Progress

We use many tools in our daily lives, such as tongs, scissors, pliers and pincers. From a scientific point of view, these are known as simple machines. They make many everyday tasks easier and have also helped industries grow faster and work more efficiently.


The wheel and axle are among the most important simple machines.

We are all familiar with objects that move in a circular motion. Vehicles, amusement park rides, clocks, many toys and even computers use circular motion in different ways. It seems that the movement of wheels has made the entire world move forward!

There are two main ways in which a wheel and axle are connected. In the first, the wheel rotates freely around the axle. In the second, the wheel is fixed to the axle and both rotate together. The fans and front wheels of many vehicles rotate freely around their axles. Ball bearings are used to reduce friction and allow smooth movement. In bicycles, however, the wheels rotate along with their axles.

Different vehicles have different wheel and axle arrangements depending on their purpose. Machines such as clocks contain several toothed wheels, also called gears, which turn one another. These wheels rotate around their axles. Some axles themselves have teeth that help turn other gears. This arrangement helps maintain regular movement and keeps the wheels aligned properly.





રબર પેન્સિલના ડાઘ કેવી રીતે દૂર કરે છે?

કમ્પ્યૂટર અને ડિજીટલ જમાનામાં આજે પેન્સિલ અને રબર લગભગ ભૂલાઈ ગયા છે. પરંતુ તેમનો ઉપયોગ આજે પણ વ્યાપકપણે જોવા મળે છે. તમારા કંપાસ બોક્સમાં પેન્સિલ અને રબર પણ હોવાનાં જ કાગળ ઉપરથી પેન્સિલના ડાઘ કે લખાણ દૂર કરવા ખાસ કરીને ચિત્રો દોરતી વખતે રબર કે ઇરેઝરની જરૂર પડે જ. રબર ઘસવાથી પેન્સિલના ડાઘ કેવી રીતે દૂર થાય છે તે જાણો છો?

પેન્સિલની શોધ બહુ જુની છે પરંતુ આજે પેન્સિલ ગ્રેફાઈટ અને ચીકણી માટીની બને છે. કાગળ ઉપર લખાય છે. તે ગ્રેફાઈટના સૂક્ષ્મ કણોનું પડ હોય છે. ડાઘા દૂર કરવાના ઇરેઝર પોલિવિનાઈલ ક્લોરાઈડ કે કૃત્રિમ રબરના બને છે. આ પેટ્રોલિયમ પેદાશ છે. કાગળ ઉપરનું પેન્સિલનું લખાણ કાગળના રેસા સાથે ચોંટેલા ગ્રેફાઈટના રજકણો છે. કાગળના રેસા મજબૂતીથી ગ્રેફાઈટના કણોને જકડી રાખે છે. પરંતુ કૃત્રિમ રબરના રેસા તેનાથી વધુ શક્તિશાળી હોય છે. તે ગ્રેફાઈટના કણોને પોતાના તરફ આકર્ષી લે છે અને રબર સાથે ચોંટી જાય છે.

શિયાળામાં છવાતું ધુમ્મસ

શિયાળાની સવારમાં ક્યારેક વાતાવરણમાં સફેદ ઘટ્ટ વાદળો જોવા મળે છે. આ વાદળિયા વાતાવરણને ધુમ્મસ કહે છે. ગાઢ ધુમ્મસમાં નજીકની વસ્તુઓ પણ જોઈ શકાતી નથી. ગાઢ ધુમ્મસમાં દસેક ફૂટ દૂર કશું દેખાય નહીં કેટલાક શહેરોમાં ધુમ્મસને કારણે ટ્રાફિક અટકી પડે અને વિમાનની ફ્લાઇટો રદ કરવી પડે છે. ચારે તરફ વાદળો જ વાદળ દેખાય.

શિયાળામાં નીચા ઉષ્ણતામાને હવામાં રહેલી પાણીની વરાળ કરીને ઘટ્ટ બને છે. શિયાળામાં સવારે હવા વધુ વરાળનો સંગ્રહ કરી શકતી નથી. તેને સંતૃપ્ત હવા કહે છે. વધારાની વરાળ પાણીના સૂક્ષ્મ ફોરામાં ફેરવાઈ સફેદ વાદળ સ્વરૂપે હવામાં રહે છે. આ ફેરાનો સમૂહ જમીનની સપાટી પર છવાય છે. સૂર્યોદય થયા પછી વાતાવરણ ગરમ થતાં જ ધુમ્મસ વિખરાઇ જાય છે. જેમ ઠંડી વધુ તેમ ધુમ્મસ ગાઢ બને છે.

ધુમ્મસમાં કેટલા અંતર સુધી જોઈ શકાય છે. તેને વિઝિબિલીટી કહે છે. ૫૦ મીટરથી વધુ અંતરે જોઈ ન શકાય તેને ૫૦ મીટર વિઝિબિલીટી કહે છે. એરપોર્ટ પર વિમાનની ફ્લાઇટ વખતે આ બાબત અગત્યનું પરિબળ બને છે.

ફનટાઇમ





પપ્પા: બેટા, તું આખો દિવસ મોબાઇલમાં શું કરે છે?
દીકરો: પપ્પા, જ્ઞાન મેળવું છું!
પપ્પા: તો આજે શું શીખ્યો?
દીકરો: મોબાઇલની બેટરી કેવી રીતે પૂરી કરવી!



કીડી હાથીને કહે:
ચાલ, આપણે દોડની હરીફાઈ કરીએ!
હાથી: પણ તું તો બહુ નાની છે!
કીડી: હા, પણ હું હારી જઈશ તો પણ કોઇને દેખાઈશ નહીં!



શિક્ષક: પપ્પુ, તું રોજ મોડો કેમ આવે છે?
પપ્પુ: સાહેબ, રસ્તા પર બોર્ડ લખ્યું છે - "આગળ શાળા છે, ધીમે ચાલો!"
એટલે ધીમે ધીમે આવું છું!



